આજે ગાંધીનગરથી રાજ્યવ્યાપી શાળા આરોગ્ય કાર્યક્રમ

૧.૫ કરોડથી વધુ બાળકોને આવરી લેવાશે : મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સ્વામિનારાયણ ગુરૂકુળ ગાંધીનગરથી અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ કલોલ તાલુકાના ઈસંડ ખાતેથી કરાવશે શુભારંભ

રાજ્ય સરકાર દ્વારા બાળકોના આરોગ્યની ચિંતા કરીને પ્રતિવર્ષ શાળા આરોગ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. આગામી શાળા આરોગ્ય કાર્યક્રમનો રાજ્યવ્યાપી શુભારંભ ૨૫મી નવેમ્બર-૨૦૧૯ થશે જે ૩૦મી જાન્યુઆરી-૨૦૨૦ સુધી ચાલશે. જેમાં રાજ્યના ૧.૫ કરોડથી વધુ બાળકોને આવરી લેવાશે એમ આરોગ્ય વિભાગની યાદીમાં જણાવાયું છે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સ્વામિનારાયણ ગુરૂકુળ, સેકટર-૨૩ ગાંધીનગરથી અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના ઈસંડ ખાતેથી રાજયવ્યાપી શુભારંભ કરાવશે. આ કાર્યક્રમ અંતર્ગત નવજાત શીશુથી ૬ વર્ષના આંગણવાડીના બાળકો, ધો.૧ થી ૧૨માં અભ્યાસ કરતાં તમામ વિદ્યાર્થીઓ (ખાનગી અને સરકારી), ૧૮ વર્ષ સુધીના શાળાએ ન જતાં બાળકો, આશ્રમશાળા, મદ્રેશા, ચિલ્ડ્રન હોમના બાળકોને '૪ઢ' પ્રમાણે આરોગ્ય તપાસ અને આરોગ્યપ્રદ સંસ્કાર-ટેવોનુ નિર્માણ કરી સ્વસ્થ ગુજરાતના નિર્માણ માટે રાજ્યના દોઢ કરોડથી વધારે બાળકોને આવરી લેવાશે.

બાળકોના આરોગ્ય તપાસની સાથેસાથે બાળકોને પોષણક્ષમ આહાર, સ્વચ્છ વાતાવરણ, સલામત પીવાનું પાણી, આરોગ્યપ્રદ ટેવોની સાથે સાથે સંસ્કારોનું સિંચન થાય તેવા બહુવિધ હેતુસર 'શાળા આરોગ્ય સપ્તાહ' અભિગમ અપનાવવામાં આવ્યો છે. આ સપ્તાહના કારણે ગામમાં એક આરોગ્યપ્રદ માહોલ ઉભો થશે અને ગ્રામકક્ષાએ કામ કરતા આરોગ્ય, શિક્ષણ, મહિલા અને બાળ વિકાસ, પંચાયત, પાણી પુરવઠા વગેરે વિભાગોની સહભાગીતાને કારણે આરોગ્ય ઉત્સવનું નિર્માણ થશે તેમજ સમગ્ર વર્ષદરમિયાન ગ્રામ કક્ષાએ આરોગ્ય ક્ષેત્રે લોક જાગૃતિની પ્રણાલી શરૂ થશે.

હેરિટેજ વિકમાં વિન્ટેજ કાર રેલીએ તમામનું ધ્યાન ખેંચ્યું

રંગબેરંગી આકર્ષક કારોનો કાફલો નિકળ્યો : કાળુપુરના સ્વામિનારાયણ મંદિરથી વિન્ટેજ કાર રેલીને લીલીઝંડી : મેયર, કમિશનર, અન્ય અધિકારીઓ હાજર

અમદાવાદ, તા. ૨૪

વિશ્વ હેરિટેજ વિકને ધ્યાનમાં લઈને આજે વિન્ટેજ કાર રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આજે શહેરમાં વિન્ટેજ કાર રેલી લોકોમાં આકર્ષણનું કેન્દ્ર રહી હતી. આ રેલી કાળુપુર સ્થિત સ્વામિનારાયણ મંદિરથી રવાના કરવામાં આવી હતી. રેલીને મેયર બીજલ પટેલ, મહાનગરપાલિકાના કમિશનર વિજય નેહરા, ગુજરાત પ્રવાસ નિગમના નિર્દેશક જેનુ દેવન દ્વારા લીલીઝંડી આપવામાં આવી હતી. અમદાવાદમાં પણ ટુર ઓપરેટર્સ પ્રવાસીઓને આકર્ષિત કરવાના પ્રયાસ કરી રહ્યા છે. અમદાવાદના ઐતિહાસિક અને હેરિટેજ સ્થળોની મુસાફરી કરાવવામાં આવી રહી છે. આજે વિન્ટેજ કાર રેલી અને વોટર ફેસ્ટિવલ જેવા આયોજન કરવામાં આવ્યા હતા. અમદાવાદમાં સામાન્ય લોકોને ઐતિહાસિક સ્થળોથી વાકેફ કરવામાં આવી રહ્યા છે. આના ભાગરુપે લોકોને સિટીટુર અને હેરિટેજ વોક માટે ૩૦ ટકા સુધી ડિસ્કાઉન્ટ આપવામાં આવી રહ્યું છે. પ્રવાસીઓને ખાસ બસ સુવિધા પણ આપવામાં આવી છે. અમદવાદના હેરિટેજ સ્થળો પર સિટી ટુર કરાવવાની વ્યવસ્થા જોગવાઈ કરવામાં

આવી છે. આ ઉપરાંત ગાંધીનગરના અડાલજમાં વોટર ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું છે.

આજે વિન્ટેજ કાર રેલીમાં આકર્ષક કારો જુદા જુદા વિસ્તારમાંથી પસાર થઈ ત્યારે તમામ લોકોનું ધ્યાન ખેંચાયું હતું. વિવિધ જગ્યાથી નિકળીને વિન્ટેજ કારોનો કાફલો ગાંધી આશ્રમમાં પહોંચ્યો હતો.

વાવોલ વિસ્તાર વિકાસ સમિતિના સ્નેહમિલનમાં "તરતા પુસ્તકાલય"નું લોકાર્પણ

ગાંધીનગરની સૌથી નજીકના ગુડા વિસ્તાર વાવોલમાં આજે સવારે ૧૦ કલાકે સધીમાતાના મંદિરે વાવોલ વિસ્તાર વિકાસ સમિતિનો સ્નેહમિલન સમારંભ યાજાયો હતો. આ સ્નેહમિલન સમારંભમાં સમિતિ દ્વારા સંચાલિત "તરતા પુસ્તકાલય"નું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.

વાવોલ વિસ્તાર વિકાસ સમિતિ દ્વારા નૂતન વર્ષને અનુલક્ષીને આજે વાવોલની શાલ્વિક હોમ્સ સોસાયટીથી જીઆઈડીસી તરફ જતા માર્ગ પર આવેલા ખાખરાવાળી સધી માતાના મંદિરે

સ્નેહમિલન સમારંભનું આયોજન કર્યુ હતુ. જેમાં વાવોલ ગામની પંચાયત સમિતિના સદસ્ય ઘનશ્યામસિંહ ગોલ તથા મંદિરના પૂજારી બળદેવભાઈ અતિથી વિશેષપદે ઉપસ્થિત રહ્યા હતા. આ સાથે સ્નેહ મિલન સમારંભમાં વાવોલના નવવિકસિત સોસાયટી વિસ્તારની વિવિધ સોસાયટીઓના અગ્રણી રહીશો તથા ગ્રામજનો પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે સધીમાતાના પ્રાંગણમાં વાવોલ વિસ્તાર વિકાસ સમિતિ સંચાલિત તરતા પુસ્તકાલયનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ગાંધીનગરના સેવાભાવી યુવાનોની સ્વૈચ્છિક સંસ્થા હેપ્પી યુથ ક્લબ દ્વારા આ પુસ્તકાલયને ૫૧ પુસ્તકોનું દાન આપવામાં આવ્યુ હતુ તે સાથે અન્ય દાતાઓ તરફથી પણ આ લાયબ્રેરીને વિવિધ જીવનોપયોગી પુસ્તકો દાનમાં મળ્યાં હતા. સ્નેહમિલન સમારંભમાં વાવોલમાં જરૂરિયાતમંદોને મદદરૂપ થવાના આશયથી બે સ્થળે "આનંદની દિવાલ" સ્થાપવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. સ્નેહમિલન સમારંભમાં વાવોલ વિસ્તાર વિકાસ સમિતિના ગૌરાંગ શાહે શાબ્દિક સ્વાગત કર્યા બાદ શૈલેષભાઈ પટેલ તથા અન્ય સભ્યોએ સમિતિના કાર્યો અંગે માહિતી આપી હતી. કાર્યક્રમના સમાપને અતુલભાઈ મહેતાએ આભાર દર્શન વ્યક્ત કર્યુ હતુ જયારે સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંજયભાઈ પંડ્યાએ કર્યુ હતુ. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા વાવોલ વિસ્તાર વિકાસ સમિતિના ઘણા સ્વયંસેવક સભ્યોએ જહેમત ઉઠાવી હતી. સમારંભના અંતે તમામે આયુર્વેદિક કાવો અને અલ્પાહારની મોજ માણી હતી.

હાર્ટએટેકથી અડાલજ સેકન્ડ પીઆઈ આર.બી.કટારાનું દુ:ખદ નિધન

ગાંધીનગર જિલ્લાના અડાલજ પોલીસ મથકમાં સેકન્ડ પોલીસ ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા બી.એમ.કટારાનું હાર્ટએટેકને પગલે દુ:ખદ નિધન થયું છે. પીએસઆઈ ટુ પીઆઈનું પ્રમોશન મેળવી તાજેતરમાં જ તેઓને ગાંધીનગર અડાલજ ખાતે સેકન્ડ પીઆઈ તરીકે મુકવામાં આવ્યા હતા. આજે વહેલી સવારે પીઆઈ બી.એમ.કટારાના અચાનક અવસાનથી જિલ્લાના પોલીસ બેડામાં શોકની લાગણી પ્રસરી જવા પામી હતી. મહિસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાના ચચાણી ગામના અંદાજીત ૫૪ વર્ષિય પીઆઈ બી.એમ.કટારા માટે રાત્રીના સમયે આવેલ હદયરોગનો હુમલો જીવલેણ સાબિત થયો છે. બનાવની જાણ આજે સવારે બંદોબસ્ત હોવાથી ડ્રાઈવર તેઓને લેવા માટે હોટલ પર ગયા હતા. જયા રૂમનો દરવાજો ખખડાવ્યા છતા અંદરથી કોઈ પ્રત્યુતર ના મળતા કંઈ અજુગતુ બન્યું હોવાની શંકા ગઈ હતી. આખરે દરવાજો ખોલતા સેકન્ડ પીઆઈ બી.એમ.કટારા નો મૃતદેહ પલંગ પરથી મળી આવ્યો હતો. બનાવની જાણ તાત્કાલીક અડાલજ પીઆઈ ડી.એ.ચૌધરીને થતા પોલીસનો કાફલો હોટલ ખાતે પહોંચી ગયો હતો.ઘટનાની જાણ તેમના પરિવારજનોને કરવામાં આવી હતી. મળતી માહિતી મુજબ તાજેતરમાં જ પીએસઆઈ પીઆઈનું પ્રમોશન મેળવી બી.એમ.કટારા ગાંધીનગર ખાતે આવ્યા હતા અને અડાલજ સેકન્ડ પીઆઈ તરીકે મુકવામાં આવ્યા હતા. તેઓ ફરજ પર હાજર થયા પછી પોલીસ મથકની નજીકમાં હોટલ ના રૂમમાં રહેતા હતા. તેઓએ આણંદ અને વિજાપુર ખાતે પીએસઆઈ તરીકે ફરજ બજાવી છે. જયારે તેમના અચાનક અવસાનથી તેમની પાછળ ત્રણ પુત્રો અને ત્રણ દિકરીઓ સહિતના પરિવારને વિલાપ કરતો મુકી ગયા છે. જયારે તાજેતરમાં જ ગાંધીનગર પોલીસના બે જવાનના આકસ્મિક દુ:ખદ અવસાન બાદ આજે અડાલજ ખાતે ફરજ બજાવતા અધિકારીના અચાનક અવસાનથી પોલીસ બેડામાં પણ શોકનું મોજુ ફરી વળ્યું છે.

બોર્ડના નવા પુસ્તકમાં કરાયેલા ઉલ્લેખથી કોંગ્રેસ ભારે નારાજ

ગુજરાત યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ દ્વારા પ્રકાશિત પુસ્તકમાં ગોધરાકાંડ માટે કોંગ્રસને જવાબદાર ઠરાવાતાં કોંગ્રેસ લાલઘૂમ જોવા મળી રહી છે અને હવે કોંગ્રેસ દ્વારા આવતીકાલે ગુજરાત ગ્રંથ નિર્માણ બોર્ડની કચેરીએ ઉગ્ર વિરોધ પ્રદર્શન અને દેખાવો યોજવામાં આવશે. આ વિરોધ પ્રદર્શનમાં એનએસયુઆઈ યુથ કોંગ્રેસ અને અમદાવાદ શહેર મહિલા કોંગ્રેસ સહિતના કોંગ્રેસના નેતાઓ અને સેંકડો કાર્યકરો જોડાશે અને પુસ્તકનો જોરદાર વિરોધ કરી તેને બાળવાનો કાર્યક્રમ આપશે. આ બાબતે કોંગ્રેસે આક્ષેપો કર્યા હતા કે, કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવેલા ફંડમાંથી ભાજપના મુખપત્ર સમાન પુસ્તક ગુજરાતની રાજકીય ગાથાની પાંચ હજાર કોપી ગ્રંથ નિર્માણ બોર્ડ દ્વારા છાપવામાં આવી છે.

ઇડરની શાળાના બનાવથી જોરદાર સનસનાટી

મસ્તી કરનારી વિદ્યાર્થિનીને સોટીથી આચાર્યએ ફટકારી

બાળકો મસ્તી કરતા હોવાથી સોટી અડાડયાનો આચાર્યનો સ્વીકાર : નશામાં વિદ્યાર્થીનીઓને મારી હોવાનો આરોપ

ઈડર, તા.૨૪

ઈડર તાલુકાના કડીયાદરામાં શનિવારે આચાર્યએ નશો કરીને ધોરણ-૬ની વિદ્યાર્થીઓને સોટી વડે માર મારી શરીરે સોળ પાડી દેતાં સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઈ હતી. આચાર્ય દ્વારા દારૂના નશામાં વિદ્યાર્થીનીઓને માર માર્યો હોવાના આક્ષેપ સાથે વાલીઓએ અને વિદ્યાર્થીનીઓએ કડીયાદરા કેળવણી મંડળને ફરિયાદ કરતાં ખળભળાટ મચી ગયો હતો. બીજીબાજુ, બાળકો મસ્તી કરતા હોવાથી સોટી અડાડયાનો આચાર્યએ સ્વીકાર કર્યો હતો તો, કડિયાદરા કેળવણી મંડળે સંસ્થાને બદનામ કરવા આક્ષેપ કરાયા હોવાનો બચાવ રજૂ કરી આક્ષેપમાં તથ્ય હશે તો કાર્યવાહી કરવાની વાત ઉચ્ચારી હતી. કડીયાદરા કેળવણી મંડળ સંચાલિત સી.કે.અજમેરા તા.શાળામાં શનિવારે ધોરણ-૬ની વિદ્યાર્થીનીઓને માર મારવાના મામલે ભારે હોબાળો થયો હતો. વાલીઓ અને વિદ્યાર્થીનીઓએ કેળવણી મંડળને કરેલ લેખિત રજૂઆતમાં ગંભીર આક્ષેપ કર્યોહતો કે,આચાર્ય સેંધાભાઈ એમ. રબારીએ દારૂના નશામાં ૧૩ થી ૧૪ વિદ્યાર્થીઓને માર માર્યો હતો અને તમામ બાળકોને ચોરીવાડ સિવિલમાં સારવાર અર્થે લઈ જવાયા હોવા અંગે કેળવણી મંડળના મંત્રી અને જે.એમ.તન્નાના આચાર્યને મૌખિક જાણ કરી હતી. છાત્રાઓની રજૂઆતમાં સોટીથી મારી ઉઠક બેઠક કરાવી હોવાનો અને લાંબા સમયથી આવુ કરી રહ્યા હોવાનો તથા શિક્ષણ ન બગડે તે હેતુસર વાલીઓને જાણ ન કરી હોવાનો આક્ષેપ કરાયો હતો. જો કે સાંજ પડતામાં જ શાળાનું આખુ પ્રકરણ શમી ગયુ હતું. આ સમગ્ર મામલે ખુદ આચાર્ય સેંધાભાઈ રબારીએ જણાવ્યું હતું કે, ચાલુ ક્લાસમાં બધા ડાન્સ કરી શોરગુલ કરતા હોવાની એક છોકરાએ ફરિયાદ કરતા ક્લાસમાં તોફાન કરતા બાળકોને સોટી અડાડી હતી તેમાં મારી ભાણી પણ હતી સંસ્થાને બદનામ કરવા ખોટા આક્ષેપ થઈ રહ્યા છે.

પદની લાલચમાં શિવસેનાએ જનમતનું ભારે અપમાન કર્યું

ગાંધીનગર, તા. ૨૪

મહારાષ્ટ્રમાં ભાજપ સરકાર બનવાની સાથે જ ગુજરાતના નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલે આજે પોતાની પ્રતિક્રિયા પણ આપી હતી. નિતીન પટેલે એનસીપીના વડા શરદ પવારની જોરદાર ઝાટકણી કાઢી હતી અને કહ્યું હતું કે, શરદ પવારે વિદેશી મૂળના મુદ્દે કોંગ્રેસ પાર્ટીને છોડી દીધી હતી અને હવે શિવસેના અને કોંગ્રેસની સાથે મળીને ગઠબંધન રચવાના પ્રયાસ કરી રહ્યા છે. ચૂંટણીથી પહેલા ભાજપ અને શિવસેનાએ સાથે મળીને ચૂંટણી લડી હતી પરંતુ પરિણામ આવ્યા બાદ શિવસેનાના મનમાં મુખ્યમંત્રીપદના લાલચ આવી ગયા હતા જેથી શિવસેનાએ જનમાનુષનું અપમાન કરીને અન્ય વિચારધારાના પક્ષોની સાથે મળીને સરકાર રચવાના પ્રયાસો હાથ ધર્યા હતા.

શિવસેનાએ એનસીપી અને કોંગ્રેસ સાથે મળીને સરકાર રચવાના પ્રયાસો હાથ ધર્યા હતા. શરદ પવાર પર પ્રહાર કરતા નીતિન પટેલે કહ્યું હતું કે, એનસીપીની રચના જ કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીના વિદેશી ફૂળના મુદ્દાને લઈને કરવામાં આવી હતી. સરકાર બનાવીને મંત્રાલયોને વિભાજિત કરવાની લડાઈમાં હજુ સુધી આ લોકો સરકાર બનાવી શક્યા નથી. ભાજપના દેવેન્દ્ર ફડનવીસના નેતૃત્વમાં સરકાર બની છે જે સ્થિર અને મજબૂત રહેશે.

નીતિન પટેલે કહ્યું હતું કે, કેન્દ્ર અને મહારાષ્ટ્રમાં એક જ પક્ષની સરકાર રહેશે તો રાજ્યમાં ઝડપથી વિકાસ થશે. નીતિન પટેલે આક્ષેપ કરતા કહ્યું હતુંકે, ચૂંટણી પરિણામ આવ્યા બાદ શિવસેનાએ ભાજપની સાથે એક પણ બેઠક યોજી ન હતી. મહારાષ્ટ્રની પ્રજાએ ભાજપ અને શિવસેનાને સરકાર બનાવવા માટે બહુમતિ આપી હતી પરંતુ શિવસેનાએ જનમતનું અપમાન કર્યું છે. નીતિન પટેલે આક્ષેપ કરતા કહ્યું હતુંકે, ચૂંટણી પરિણામના એક મહિના બાદ સુધી સરકાર ન બનતા કોંગ્રેસ એનસીપીને દોષ આપતી રહી હતી. અજીત પવારે ભાજપની સાથે આવીને મહારાષ્ટ્રને સ્થિર સરકાર આપવાના પ્રયાસ કર્યા છે.

પાવર ગેમ... ●

પહેલા પાનાનું ચાલુ

સવાલ કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહ પાક્કુ કર્યા સિવાય રાતોરાત ભાજપની સરકાર રચવાની ઉતાવળ ન કરે એ તેટલી જ વાત સાચી છે. આખી રમત કદાચ શરદ પવાર જ રમી રહ્યા હોય એવું રાજકીય વર્તુળોમાં ચર્ચાય છે. અન્ય એક ચર્ચા એવી પણ છે કે, અજીત પવારની છાવણીમાંથી શરદ પવારની છાવણીમાં પરત ફરનાર ૬ ધારાસભ્યો એનસીપીના બાકીના ધારાસભ્યોને સરકારમાં જોડાવા માટે નહિ સમજાવી લે એવું ન માનવાને કોઈ કારણ નથી. આમ સમગ્ર રાજકીય કાવાદાવા તમામ બેશર્મીની હદ વટાવીને પરાકાષ્ટાએ પહોંચી રહ્યા છે.

મહારાષ્ટ્રમાં દેવેન્દ્ર ફડનવીસના નેતૃત્વમાં ભાજપ સરકાર એનસીપીના સમર્થનથી બની ચુકી છે પરંતુ હજુ પણ સરકારની રચનાને લઈને અનેક વાંધાઓ સપાટી પર આવી રહ્યા છે. સરકાર રચવાને લઈને મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચી ચુક્યો છે. સુપ્રીમ કોર્ટમાં આજે મહારાષ્ટ્રમાં દેવેન્દ્ર ફડનવીસના શપથગ્રહણને પડકાર ફેંકીને દાખલ કરવામાં આવેલી શિવસેના-કોંગ્રેસની અરજી પર સુનાવણી હાથ ધરવામાં આવી હતી. કોંગ્રેસ-શિવસેના-એનસીપી દ્વારા વિરોધ કરીને સુપ્રીમ કોર્ટમાં અરજી કરવામાં આવી ચુકી છે. હવે આગામી સુનાવણી સોમવારના દિવસે સવારે ૧૦.૩૦ વાગે હાથ ધરવામાં આવશે. સુપ્રીમ કોર્ટે અરજી પર સુનાવણી કરતી વેળા આજે અંતે કેન્દ્ર સરકાર, મહારાષ્ટ્ર સરકાર, દેવેન્દ્ર ફડનવીસ અને અજીત પવારને નોટીસ ફટકારી હતી. કોર્ટે સોલિસિટર જનરલ તુષાર મહેતાને આવતીકાલે સોમવારના દિવસે રાજયપાલના એ પત્રને કોર્ટમાં રજુ કરવા માટે આદેશ કર્યો છે. જેમાં રાષ્ટ્રપતિ શાસન દુર કરવા અને દેવેન્દ્ર ફડનવીસને સરકાર બનાવવા માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું. કોર્ટે મહેતાની એવી અપીલને ફગાવી દીધી હતી જેમાં રાજયપાલ ભગતસિંહ કોશિયારીના પત્રોને કોર્ટમાં રજુ કરવા માટે બે દિવસની મહેતલ માંગવામાં આવી હતી.

દેશવાસીઓની પ્રશંસા... ● પહેલા

પાનાનું ચાલુ

લોકોની પ્રશંસા કરી હતી. સાથે સાથે આ દિવસના મહત્વ પર વાત કરી હતી. એનસીસી કેડેટસની વાત કરતા મોદીએ તેમને આ દિવસ બદલ શુભેચ્છા પાઠવી હતી. નાગાલેન્ડ અને અન્ય મામલામાં કેટલાક લોકોના પ્રશ્નોના જવાબ આપ્યા હતા. મોદીએ ફિલ્મો અને ભારતમાં ફરવા માટે ક્યા જવુ જોઈએ તેની સાથે જોડાયેલા પ્રશ્નોના જવાબો આપ્યા હતા. તેમણે કહ્યુહતુ કે તેમને ટીવી અને મુવીમાં રસ નથી. તેમને પુસ્તકો વાંચવા માટેનો પણ સમય મળી શકતો નથી. તેમણે ઉમેર્યુ હતુ કે અન્યોની જેમ તેમની પણ થોડીક ટેવ બગડી ગઈ છે. તેઓ પોતે પણ ચીજો માટે ગુગલ અને અન્ય સર્ચની મદદ લેવા લાગી ગયા છે. મોદીએકહ્યુ હતુ કે હિમાલય તેમને ખુબ પ્રિય છે. જો કોઈ કુદરતની નજીક રહેવા માટે ઈચ્છુક છે તો તેઓ નોર્થ ઈસ્ટ જવા માટે આયોજન કરી શકે છે. પીએમે

ભારતની જીત... ● પહેલા પાનાનું ચાલુ

નામ ઉપર કરી લીધો હતો. ૨ન મશીન તરીકે ગણાતા વિરાટ કોહલીએ બાંગ્લાદેશની સામે શ્રેણીની બીજી ટેસ્ટ મેચના બીજા દિવસે સદી પુરી કરી હતી. આની સાથે જ ડે નાઈટ ક્રિકેટમાં વિરાટ કોહલીએ પ્રથમ ટેસ્ટ મેચમાં સદીની સિદ્ધી મેળવી હતી. આ ઉપરાંત વિરાટ કોહલી કેપ્ટન તરીકે સદીના મામલામાં રિકી પોન્ટિંગને પાછળ છોડી દેવામાં સફળ રહ્યો હતો. ડે નાઈટ ટેસ્ટ મેચમાં વિરાટ કોહલીએ આજે સદી ફટકારી હતી. આની સાથે જ પોતાની ટેસ્ટ કરિયરની ૨૭મી સદી ફટકારી હતી. વિરાટ કોહલીએ આ દાવમાં ૧૨ ચોગ્ગા ફટકાર્યા હતા. ભારતીય ટીમે આ ટેસ્ટ મેચમાં ઝડપી બોલરોના શાનદાર દેખાવને લીધે બાંગ્લાદેશની ટીમને પ્રથમ દાવમાં ૧૦૬ રન પર ઓલઆઉટ કરી દીધી હતી. વિરાટ કોહલીએ પિંક બોલ સાથે સદી ફટકારનાર પ્રથમ ભારતીય ખેલાડી બનવાની સિદ્ધિ પણ હાંસલ કરી હતી. આ સદીના કારણે વિરાટ કોહલીએ કેપ્ટન તરીકે સદી ફટકારવાના મામલામાં ઓસ્ટ્રેલિયાના પૂર્વ કેપ્ટન રિકી પોન્ટિંગને પાછળ છોડી દેવામાં સફળતા મળેવી હતી. રિકી પોન્ટિંગે કેપ્ટન તરીકે ૨૦મી સદી ફટકારી હતી. જોકે આ યાદીમાં દક્ષિણ આફ્રિકાના પૂર્વ કેપ્ટન સ્મીથ હજુ પણ ટોપ ઉપર છે. સ્મિથે કેપ્ટન તરીકે ૧૦૯ ટેસ્ટ મેચોમાં ૨૫ સદી કરી હતી. કોહલીએ આ ટેસ્ટમાં ૧૩૬ રન કર્યા હતા. કોલકત્તા ટેસ્ટને રોમાંચક બનાવવા માટેના તમામ પ્રયાસો કરવામાં આવ્યા હતા. આ ટેસ્ટ મેચને યાદગાર બનાવવા માટે પગલા લેવાયા હતા.કોલકાતાના ઐતિહાસિક ઈડન ગાર્ડન ખાતે શરૂ થયેલી ડેનાઈટ ટેસ્ટના પ્રથમ દિવસે આ ટેસ્ટ મેચને યાદગાર બનાવવા તમામ પ્રયાસો કરવામાં આવ્યા હતા. કોલકાતાના ઐતિહાસિક મેદાન પર ભારત અને બાંગ્લાદેશ વચ્ચે પ્રથમ પિંક બોલ ટેસ્ટ મેચનું ઉદ્‌ઘાટન કરવા માટે પડોશી દેશ બાંગ્લાદેશના વડાપ્રધાન શેખ હસીના પહોંચ્યા હતા. આ ઉપરાંત પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી, મહાન ક્રિકેટર સચિન તેંડુલકર અને અન્ય તમામ દિગ્ગજો ઉપસ્થિત રહ્યા હતા.

યુવાનનો ગળેફાંસો...

● ત્રીજા પાનાનું ચાલુ

જાખલા ગામનો વતની હતો.તે છેલ્લા કેટલાક સમયથી ગાંધીનગરની શાળામાં અભ્યાસ કરતો હતો. ત્યારે આજે સવારે અચાનક હોસ્ટેલના રૂમમાંથી તેનો મૃતદેહ ગળેફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યો હતો.બનાવની જાણ થતા સે-૨૧ ના પીએસઆઈ યુ.એચ.પટેલ સહિતનો સ્ટાફ ઘટના સ્થળે દોડી આવ્યો હતો. મૃતદેહને નીચે ઉતારી પીએમ અર્થે ગાંધીનગર સિવિલ ખાતે મોકલી આપ્યો હતો. જયારે બનાવની જાણ યુવાનના પરિવારને થતા તાત્કાલીક દોડી આવેલા પરિવારજનોના હૈયાફાટ રૂદનથી સૌની આંખો ભીની બની હતી.

અતિતની આજ ● ચોથા પાનાનું ચાલુ

જેઠમલાની જસ્ટિસ ચાગલાને લઈ આવ્યા હતા. એ વેળા આ લેખકને રાષ્ટ્રીય સમાચાર સંસ્થાના સંવાદદાતા તરીકે તેમનું વ્યાખ્યાન સાંભળવાનો લહાવો મળ્યો હતો. એ વેળા ભાજપને ભવિષ્યની આશા લેખાવનાર જસ્ટિસ ચાગલાએ વૈશ્વિક સ્તરની શિક્ષણ વ્યવસ્થાને ટક્કર મારે એવી સ્થાપેલી જેએનયુની પ્રતિષ્ઠા જળવાઈ રહે અને એમાં ભણનારાં વિદ્યાર્થીઓના પ્રશ્નો તાકીદે ઉકેલાય અને તેમના પર પોલીસ અત્યાચારને બદલે માનવીય વ્યવહાર થાય એની જવાબદારી પણ ભાજપના વર્તમાન શાસકોની ખરી. ચાગલાએ નાણા મંત્રાલય સાથે લડી-ઝગડીને પણ આ યુનિવર્સિટી માટે નાણાની ફાળવણી કરાવી હતી. જેએનયુના પ્રથમ વાઈસ-ચાન્સેલર તરીકે તત્કાલીન કેન્દ્રીય પર્યટન મંત્રી ડૉ.કર્ણ સિંહએ આપેલા ભોજનના સમારંભમાં જ વડાંપ્રધાન ઈન્દિરા ગાંધી કને ચાગલાએ જી.પાર્થસારથિ (સીનિયર)ની નિમણૂક અંગે સંમતિ મેળવી. બ્રિટિશ દ્રષ્ટિએ લખાયેલા ઈતિહાસથી મુક્તિ મેળવવા તેમજ રાષ્ટ્રીય એકતા અને સમન્વયની બાબતમાં ઈતિહાસના વિકૃતીકરણથી બચી ભારતીય નજરે ઈતિહાસના પ્રથમ બે ગ્રંથ લખવા માટે ચાગલાએ દિલ્હી યુનિવર્સિટીનાં ઈતિહાસનાં વ્યાખ્યાતા મિઝ થાપર (હવેનાં વિશ્વવિખ્યાત ઈતિહાસકાર શ્રીમતી રોમિલા થાપર)ને જવાબદારી સોંપી હતી. જસ્ટિસ ચાગલાનું પોતાની આત્મકથામાં રોમિલા વિશેનું ચુકાદારૂપ નિરીક્ષણ આ શબ્દોમાં નોંધાયું છેઃ "She did her wrok, as I thought, very brilliantly, as she not only had a histroical sense, but what is even mroe improtant, a deep knowledge and also appreciation of our national evolution and traditions. She was a rationalist, and had a modern outlook, and did not suffer from the prejudices and inhibitions which histroians so often display." શિક્ષણ મંત્રી તરીકે ચાગલાએ એએમયુ અને બીએચયુના નામમાંથી અનુક્રમે મુસ્લિમ અને હિંદુ શબ્દો કાઢવાની તરફેણ પણ કરી હતી, પરંતુ એમાં તેમને સફળતા મળી નહીં. અત્યારે વધુ એક વિવાદનો મુદ્દો બનેલી કેન્દ્ર સરકાર હસ્તકની સંસ્થા નેહરુ મેમોરિયલ મ્યુઝિયમ એન્ડ લાઈબ્રેરીની પરિકલ્પના અને શરૂઆત કરવા પાછળ પણ જસ્ટિસ ચાગલા જ હતા એ રખે ભૂલાય.

સનદી અધિકારીઓની જનની

દેશમાં અને વિદેશમાં જેમના નામની બોલબાલા છે એવાં અનેક વ્યક્તિત્વો જેએનયુનાં જ પ્રોડક્ટ છે. દેશ-વિદેશનાં વિદ્યાર્થીઓ આ યુનિવર્સિટીમાં ભણવા આવે છે. એટલે આ યુનિવર્સિટીને "ટુકડે ટુકડે ગેંગ" કહેવી કે "રાષ્ટ્રવિરોધી તત્વોનો અડ્ડો" કહેવો એ તો આ શિક્ષણ સંસ્થાને લાંછન લગાડવા જેવું લેખાશે. સમાજમાં સારા અને નરસા લોકો હોય છે. એટલે સમગ્ર સમાજને નઠારો ગણવો યોગ્ય નથી. અહીં આવનારા તેજસ્વી વિદ્યાર્થીઓ નોબેલ પારિતોષિક મેળવે કે આઈએએસ કે આઈપીએસ થાય કે પછી દેશના ટોચના રાજનેતા તરીકે નામ રોશન કરતા હોય ત્યારે આ યુનિવર્સિટીમાં બગાડ છે એવું માની લેવાની જરૂર નથી. વિચારધારાઓ ભિન્ન ભિન્ન હોય એ તો ભારતીય સંસ્કૃતિનો આત્મા છે. રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિ કરનારા કે સ્વામી વિવેકાનંદની પ્રતિમાની આસપાસ બિભત્સ સૂત્રો લખનારાઓની તપાસ કરીને કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવે એ જરૂરી છે, પણ જેએનયુનાં બધાં વિદ્યાર્થી કે અધ્યાપકો રાષ્ટ્રદ્રોહી છે અને જેએનયુ રાષ્ટ્ર વિરોધી તત્વોનો અડ્ડો છે એવું કહેવાથી તો આપણે આપણી માતા સરસ્વતીના પવિત્ર મંદિરને ભાંડતા હોઈએ એવું લાગે. જેએનયુમાં ભણીને આવેલી તેજસ્વી પ્રતિભાઓ અગાઉની સરકારોમાં જ નહીં, વર્તમાન કેન્દ્ર સરકારમાં મંત્રી કે સચિવ કે સલાહકારોના હોદ્દે બિરાજમાન હોય ત્યારે જેએનયુને "ટુકડે ટુકડે ગેંગ" કે "એન્ટી-નેશનલ એલિમેન્ટ્સ"નો અડ્ડો કેમ કહેવાય? વર્તમાન કેન્દ્રીય નાણા મંત્રી નિર્મલા સિતારમણ જેએનયુનાં પ્રોડક્ટ છે. એવું જ વિદેશમંત્રી ડૉ.સુબ્રમણ્યમ જયશંકરનું છે. નીતિ આયોગના સીઈઓ અમિતાભ કાન્ત પણ જેએનયુના જ છે. મોદી સરકારે નિયુક્ત કરેલા અનેક સલાહકારો પણ જેએનયુમાં ભણેલા છે.અગાઉ મોદી સરકારમાં મંત્રી રહેલાં મેનકા ગાંધી પણ જેએનયુમાં ભણેલાં છે. ઈન્દિરા ગાંધીની ઈમરજન્સી વખતે એમના પ્રતાપે જ જેએનયુના ઘણા વિદ્યાર્થી નેતાઓ